ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૨૦/૨૦૨૬ તા. ૨૭/૦૫/૨૦૨૬

**વિષય:-** શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ માટે E-KYC ની પ્રક્રિયા સમયસર કરવા અને ફ્રી શીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓને ફી ભરવા બાબતે દબાણ ન કરવા બાબત.

**સંદર્ભ:-**
1) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક:ISC/7/2026/EST/903-982 તા. ૨૬/૦૫/૨૦૨૬
2) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક:નં.અજાક/ગ-૧/૬/૨૦૨૬/૧૧૩૨ થી ૧૧૩૫ તા. ૨૭/૦૪/૨૦૨૬
3) નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક:નં.અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૧૩૭૭-૭૮ તા. ૧૩/૦૫/૨૦૨૬
4) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરનો પત્ર ક્રમાંક:MYSY/૨૦૨૬-૨૭/૪૩૮-૪૪૦ તા.૨૬/૦૫/૨૦૨૬

**પરિપત્ર:-**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે, કે વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ વિદ્યાર્થીઓને નિયમાનુસાર મળવાપાત્ર શિષ્યવૃતિનાં લાભની ચુકવણી ગ્રાન્ટની ઉપલબ્ધિ તથા સરકારશ્રીની નિયત પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે. આ પદ્ધતિમાં ટેકનિકલ કારણોસર કે અન્યથા વિલંબ થવા પામે, તો શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષામાં બેસવા ન દેવા બાબતની ફરિયાદો રાજ્ય સરકારને મળી હતી. જે બાબતે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા તા.૨૫-૦૬-૨૦૨૪ ના પત્ર નં.હ-૨/સ્કો/૨૦૨૪/૨૭૧૩-૧૪.નાં પત્રનું ચુસ્ત પણે પાલન કરવા સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ હતી. આમ,છતા કેટલીક મૌખિક ફરિયાદોના આધારે સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું ન હોવાથી અત્રેની યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સસ્થાઓને સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

સદર બાબતે જણાવવાનું કે સરકાર દ્વારા કોલેજ/સસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃતિ યોજનાઓ હેઠળ આર્થિક સહાય આપવામાં આવે છે. શિષ્યવૃતિની રકમ સમયસર વિદ્યાર્થીઓનાં ખાતામાં જમા થાય તે માટે E-KYC પ્રક્રિયા પૂર્ણ કરવી આવશ્યક છે. તેથી યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજ/સસ્થાઓને તાત્કાલિક E-KYC પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવવામાં આવે છે. તથા આ બાબતે કોઈ પણ સંસ્થા આ સૂચનાઓનું પાલન ન કરે તો યુનિવર્સિટી એક્ટ અને સ્ટેટ્યુટ મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

વધુમાં ફ્રીશીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ફી ભરવા બાબતે કોઈપણ પ્રકારનું દબાણ કરવામાં ન આવે, તથા આવા વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી સબંધિત લાભ આપવામાં આવે તથા તેમના શૈક્ષણિક હિતોને ધ્યાનમાં રાખી સંવેદનશીલતા પૂર્વક કાર્યવાહી કરવામાં આવે, તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા આપવામાં આવેલ સૂચનાઓનું કડક પાલન થાય તે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :-**
૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.
૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.

ડીરેક્ટર
સ્કોલરશીપ સેક્શન,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
જુનાગઢ.

**બિડાણ:-**

- સંદર્ભદર્શિત પત્રની નકલ

**પ્રતિ,**

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી,
યુનિવર્સિટી શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ISC/7/2026/EST./ ૧૦૩-૧૪૨

તા.૨૬/૦૫/૨૦૨૬

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

તમામ સરકારી અનુદાનિત યુનિવર્સિટીઓ અને પ્રાઇવેટ યુનિવર્સિટીઓ

વિષય –ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે e-KYC ની પ્રક્રિયા સમયસર કરવા અને ફ્રી શીપ કાર્ડ ધરાવતાં વિદ્યાર્થીઓને ફી ભરવા બાબતે દબાણ ન કરવા બાબત.

સંદર્ભ-૧. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા. ૨૭/૦૪/૨૦૨૬ નો પત્ર

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૨૫-૦૬-૨૦૨૪ના પત્ર નં. હ-૨/સ્કો /૨૦૨૪/૨૭૧૩-૧૪.

૩. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીનો તા. ૧૩/૦૫/૨૦૨૬ નો પત્ર

૪. અત્રેની કચેરીનો તા. ૨૬/૦૫/૨૦૨૬ નો પત્રાંક:સ્કો/MYSY/૨૦૨૬-૨૭/૪૩૮-૪૪૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભિત પત્ર(૧) થી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા પરત્વે અત્રેની કચેરીને પાઠવેલ પત્રમાં જણાવેલ કે રાજ્યની ખાનગી સંસ્થાઓમાં ફ્રી શીપ કાર્ડ હેઠળ અભ્યાસ કરતા વિધ્યાર્થીઓને ફી સમયસર ન ભરવા બાબતે પરીક્ષામાં બેસવા ન દેવા બાબતની ફરીયાદો રાજ્ય સરકારને મળી હતી.જે બાબતે અત્રેની કચેરી દ્વારા સંદર્ભ(૨) થી ઉક્ત પત્રનું ચુસ્ત પણે પાલન કરવા સૂચનાઓ પ્રસિધ્ધ કરેલ હતી. આમ છતાં, કેટલીક મૌખિક ફરીયાદોના આધારે સંદર્ભ ન(૧) અને (૨) ના પત્રોનું ચુસ્તપણે પાલન કરવામાં આવતું નથી તેવું જોવા મળે છે. જેથી પુન: આપશ્રીને સંદર્ભ(૧) અને(૨) નાપત્રોનું આપની સંસ્થાના વિભાગોમાં તથા પાની સાથે જોડાણ ધરાવતી તમામ સંસ્થાઓમાં ચુસ્ત પણે પાલન થાય તેની જવાબદારી સંબંધિત યુનિવર્સિટીની રહેશે.

સદર બાબતે જણાવવાનું કે સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ આર્થિક સહાય આપવામાં આવે છે. શિષ્યવૃત્તિની રકમ સમયસર વિદ્યાર્થીઓના ખાતામાં જમા થાય તે માટે e-KYC પ્રક્રિયા પૂર્ણ કરવી આવશ્યક છે.

આથી તમામ યુનિવર્સિટીઓને સૂચના આપવામાં આવે છે કે તેઓ પોતાના સંસ્થામાં અભ્યાસ કરતા શિષ્યવૃત્તિ લાભાર્થી વિદ્યાર્થીઓની e-KYC પ્રક્રિયા તાત્કાલિક તથા સમયમર્યાદામાં પૂર્ણ થાય તે માટે એક નોડલ ઑફિસરની નિમણૂક કરી જરૂરી માર્ગદર્શન અને સહકાર પૂરો પાડવામાં આવે તે જરૂરી છે. તમામ સ્ટેટ યુનિવર્સિટીએ યુનિવર્સિટીઓ સાથે જોડાણ ધરાવતી તમા ખાનગી કોલેજોમાં પણ ઉક્ત સૂચનાઓનું પાલન યોગ્ય રીતે થાય છે કે નહી તેનું સમાયાંતરે મોનીટરીંગ કરવાનું રહેશે તથા આ બાબતે કોઇ સંસ્થા

આ સૂચનાઓનું પાલન ન કરે તો યુનિવર્સિટી એક્ટ અને સ્ટેટ્યુટ મુજબ તેમની સામે કાર્યવાહી કરવાની જવાબદારી સંબંધિત યુનિવર્સિટીની રહેશે.

વધુમાં, ફ્રીશીપ કાર્ડ ધરાવતા વિદ્યાર્થીઓ પાસેથી ફી ભરવા બાબતે કોઈપણ પ્રકારનું દબાણ કરવું નહીં. આવા વિદ્યાર્થીઓને સરકારશ્રીના નિયમો અનુસાર ફી સંબંધિત લાભ આપવામાં આવે તથા તેમના શૈક્ષણિક હિતોને ધ્યાનમાં રાખી સંવેદનશીલતા પૂર્વક કાર્યવાહી કરવામાં આવે.

ઉપરોક્ત સૂચનાઓનું કડક પાલન થાય તે મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

અધિક નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર

બિડાણ –સંદર્ભિત પત્રોની નકલ

નકલ સવિનય રવાના જાણ સારૂ-:

* નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
બ્લોક નં. ૪/૨ ડૉ. જીવરાજ મહેતા ભવન
ગુ.રા. ગાંધીનગર.

નં.અજાક/ગ-૧/૬/૨૦૨૬/૧૨૩૨થી ૧૨૩૫
નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
E-mail - Dd1-dscw@gujarat.gov.in
૦૭૯-૨૩૨ ૫૩૨૪૧
તા. ૨૭/૦૪/૨૦૨૬

પ્રતિશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બીજો માળ, બ્લોક નં.૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય – અભ્યાસ માટે ફ્રી શીપ કાર્ડ કઢાવેલ હોવા છતા કોલેજો દ્વારા પરીક્ષા ન આપવા દેવા તથા ફી ભરવા દબાણ કરવા બાબત

સંદર્ભ – ૧) કેન્દ્ર સરકારશ્રીની તા.30-03-૨૦૨૧ના File No. 14011/04/2019-SCD-V-(Part-I)થી પ્રસિદ્ધ થયેલ ગાઈડ લાઈન.
૨) શિક્ષણ વિભાગના તા.તા.૨૧-૦૮-૨૦૧૩ના ઠરાવ ક્રમાંક સસક/૧૦૧૩/૫૪૯/છ
૩) વાઢેળ વિવેક નાનુભાઇ તથા નિતીન બી. ચાવડા, જી. ગીરસોમનાથની તા.૨૫/૦૪/૨૦૨૬ની અરજી
૪) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના તા.૨૫-૦૬-૨૦૨૪ના પત્ર નં. ઙ-૨/સ્કો /૨૦૨૪/૨૭૧૩-૧૪.

સવિનય ઉપર્યુકત વિષય અંગે જણાવવાનું કે, સંદર્ભ ૧)માં દર્શાવેલ કેન્દ્ર સરકારશ્રીની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રીક અભ્યાક્રમ માટે શિષ્યવૃત્તિનો લાભ આપવામાં આવે છે. ઉક્ત યોજના અંતર્ગત વિદ્યાર્થીના અભ્યાસક્રમ માટે નિયમોનુસાર નિયત કરવમાં આવેલ શિક્ષણ ફી તથા નોન રિફંડેબલ ફી વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તરીકે ચુકવવાની જોગવાઈ છે. સંદર્ભ ૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવથી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે રાજ્યની જુદી જુદી સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/સંસ્થા/પ્રાઇવેટ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો માટે ફ્રી શીપ કાર્ડ અંગેની યોજના અમલમાં છે. કેન્દ્ર સરકારશ્રીની ઉક્ત પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત

પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને તેમના જિલ્લામાં આવેલી નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી દ્વારા ફ્રીશીપ કાર્ડ આપવામાં આવે છે. આવા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને તેમની કોલેજ/સંસ્થા/પ્રાઈવેટ યુનિવર્સિટીમાં પ્રવેશ સમયે તથા આગળના શૈક્ષણિક વર્ષોની શરૂઆતમાં તેમના અભ્યાક્રમ માટે નિયત થયેલી શિક્ષણ ફી ભરવાની રહેતી નથી. વિદ્યાર્થીનો કોલેજમાં પ્રવેશ થઈ ગયા પછી વિદ્યાર્થી દ્વારા ડીજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રતિવર્ષ શિષ્યવૃત્તિ માટે ઓનલાઈન અરજી કરવાની રહે છે. જે અરજી સંદર્ભે જિલ્લા કચેરી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી વિદ્યાર્થીને ડીબીટી માધ્યમથી શિષ્યવૃત્તિની આધરબેઝ ચુકવણી કરવામાં આવે છે. વિદ્યાર્થીએ શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયા બાદ તેમની ફી કોલેજ/સંસ્થા/પ્રાઈવેટ યુનિવર્સિટીમાં જમા કરાવવાની હોય છે. આમ, ફ્રીશીપ કાર્ડની યોજના થકી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તથા શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં કોલેજમાં ફી ભરવામાંથી રાહત મળે છે તેમજ તેમને ઇચ્છિત ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટે પૂરેપૂરો અવકાશ મળી રહે છે. કેન્દ્ર સરકારશ્રી દ્વારા પણ ઉક્ત ગાઈડલાઈનમાં દરેક રાજ્ય સરકારને આ પ્રમાણેની યોજના લાગુ કરવા માટે નિર્દેશ કરેલ છે.

પરંતુ અત્રેની કચેરીમાં તથા જિલ્લા કચેરીઓમાં વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તેમજ રાજકીય/સામાજિક આગેવાનો દ્વારા રૂબરૂ તથા ટેલિફોનિક માધ્મથી અવારનવાર કેટલીક સેલ્ફ ફાઇનાન્સ કોલેજ તેમજ પ્રાઈવેટ યુનિવર્સિટી દ્વારા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીને ફ્રીશીપ કાર્ડના આધારે પ્રવેશ ન આપવામાં આવતો હોવાની રજૂઆતો મળે છે. હાલમાં સંદર્ભ (૩) પરના પત્રોથી આવી લેખીત રજુઆતો મળેલ છે. જેમાં <u>વિધ્યાર્થી શ્રી વાઢેળ વિવેક નાનુભાઇ કે જેઓ એ.આર.ભટ્ટ લો કોલેજ, ઉના ખાતે LLB sem-2 માં અભ્યાસ કરે છે જેને શિષ્યવૃત્તિના બીજા હપ્તાની ૬૦%કેન્દ્ર સરકારના ફાળાની રકમ કે જે કેન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. જે વિધ્યાર્થીને હાલે મળેલ ન હોય તેઓ દ્વારા કોલેજમાં જમાં કરાવેલ નથી જેથી કોલેજ દ્વારા વિધ્યાર્થીને પરીક્ષામાં બેસવા હોલ ટીકીટ આપેલ નથી જે યોગ્ય બાબત નથી. આમ, કેટલીક કોલેજ/યુનિવર્સિટી દ્વારા આવુ કરવાથી ઉક્ત યોજનાનો હેતુ સિદ્ધ થતો નથી તેમજ વિદ્યાર્થીઓને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે.</u>

ઉક્ત બાબતે સંદર્ભ ૪)માં દર્શાવેલ આપની કચેરીના પત્રથી તમામ યુનિવર્સિટીઓના રજીસ્ટ્રારને શિક્ષણ વિભાગના ફ્રીશીપ કાર્ડ અંગેના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા તેમજ ફ્રીશીપ કાર્ડ ધરાવતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે ફી ભરવા દબાણ ન કરવા જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમ છતાં કેટલીક કોલેજ/યુનિવર્સિટી/સંસ્થા દ્વારા આ બાબતે જરૂરી સૂચનાઓનું પાલન કરવામાં આવતું નથી. જેથી, આપની કક્ષાએથી તમામ

યુનિવર્સિટી/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/સંસ્થામાં સંદર્ભ ૨)માં દર્શાવેલ શિક્ષણ વિભાગના ઠરાવનું ચુસ્તપણે પાલન કરવા બાબતે તથા ફ્રી શીપ કાર્ડ ધરાવતા અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તેમજ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફરજિયાતપણે ફી ભરવા અંગે દબાણ ન કરવા, પરીક્ષાની હોલ ટીકીટ ન રોકવા, પરીક્ષામાં બેસવા દેવા તથા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રાપ્ત થયા પછી તેમની પાસેથી ફીની વસૂલાત કરવા પુનઃ જરૂરી સૂચના આપવા વિનંતી છે.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

બિડાણ – ઉપર મુજબ

<u>નકલ સવિનયસહ: રવાના –</u>

**અંગત મદદનીશશ્રી,**
**મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા,**
**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણનું કાર્યાલય,**
**ગુજરાત સરકાર, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર**

**<u>નકલ સવિનય રવાના –</u>**

**નાયબ સચિવ (અ.જા.ક.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર**

**<u>નકલ રવાના –</u>**

**નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, જિલ્લો ____________(તમામ)**

૨/-તરફ આપની કક્ષાએથી પણ આપના જિલ્લામાં આવેલ તમામ યુનિવર્સિટી/સંસ્થા/કોલેજને આ બાબતે પરિતત્ર કરી ફ્રીશીપ કાર્ડ ધરાવતાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને પ્રવેશ સમયે તેમજ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં ફરજિયાતપણે ફી ભરવા દબાણ ન કરવા, પરીક્ષાની હોલ ટીકીટ ન રોકવા તથા પરીક્ષામાં બેસવા દેવા જરૂરી સૂચનાઓ આપવા સારૂ.

ન.અજાક/ગ-૧/૫/૨૬-૨૭/ ૧૩૭૭-૭૮
નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,
૪/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
તા.૧૩ /૦૫/૨૦૨૬

પ્રતિ,
કમિશ્નરશ્રી,
ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં.૧૨/૨,
ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

વિષય: Regarding Aadhaar-based BioMetric eKYC for all HoI (વર્ષ:૨૦૨૫-૨૬)

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC & Other" અને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા કોલેજ/સંસ્થાના HoI(Head of Institute)નું Aadhaar-based BioMetric eKYC કરવા સૂચનાઓ આપેલ છે

હાલ રેશનકાર્ડના ડેટાબેઝ મારફત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તમામ વિદ્યાર્થીઓનું Aadhaar-based BioMetric eKYC કરવામાં આવી જ રહેલ છે અને આ પધ્ધતિથી સંબધિત તમામ કોલેજ/સંસ્થાના HoIનું પણ Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. વધુમાં National Scholarship Portal પર સંબધિત કોલેજ/સંસ્થાનું Aadhaar-based BioMetric eKYC થયેલ હોય તો તે વિગતો મારફત પણ સંબધિત શાળા/સંસ્થાના HoIનું Aadhaar-based BioMetric eKYC કરી શકાય છે. તમામ કોલેજ/સંસ્થાના HoI ના eKYC કરવા બાબતે અત્રેની કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા જિલ્લાની કોલેજ/સંસ્થાઓને સૂચનાઓ આપવામાં આવે જ છે પરંતુ તમામ કોલેજ/સંસ્થાના HoIના Aadhaar-based BioMetric eKYC થયેલ નથી.

કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં "Admin => Institute/School HoI Details" ઓપ્શનમાં જઇ HoI Aadhaar-based BioMetric eKYCની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે અને જિલ્લા કચેરીની ઓથોરીટીના લોગીનમાંથી આ ફોર્મને નિયમોનુસર મંજુર કરે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ કોલેજ/સંસ્થાના HoIના Aadhaar Based Biometric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલના પોતાના લોગીનમાંથી HoIનું Aadhaar-based BioMetric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજિયાત ભરે તે બાબતે આપની કક્ષાએથી સંબધિતોને સૂચના આપવા વિનંતી છે. જે કોલેજ/સંસ્થાઓના HoIનું eKYC થયેલ હોય તેવા જ કોલેજ/સંસ્થાઓના વિદ્યાર્થીની માહિતી કેન્દ્ર સરકારશ્રીના NSP પોર્ટલને કેંદ્ર ફાળાની શિષ્યવૃત્તિ ચુકવણા માટે મોકલી શકાતી હોય આ બાબતે અગ્રતા આપવા વિનંતી છે.

સંયુક્ત નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય

નકલ સવિનય રવાના:
- સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર જાણ થવા વિનંતી

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી

શિષ્યવૃત્તિ શાખા, બ્લોક નં-૧૨, બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

ક્રમાંક:સ્કો/MYSY/૨૦૨૬-૨૭/૪૩૯-૪૪૦ તા.૨૬/૫/૨૦૨૬

પ્રતિ
નાયબ નિયામકશ્રી,
કોલેજ વહિવટ શાખા, મહેકમ શાખા, યુનિવર્સિટી શાખા,
સદર કચેરી.

વિષય: Regarding Adhar-based BioMetric eKYC for all HOI.(વર્ષ ૨૦૨૫-૨૬)

સંદર્ભ: નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીના તા.૧૩/૫/૨૦૨૬ ના પત્ર ક્ર: અજાક/ગ-૧/૫/૨૬-૨૭/૧૩૭૭-૭૮

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા કેન્દ્ર પુરસ્કૃત "Pre Matric Scholarship to SC and Others" અંને "Post Matric Scholarship to SC Students" યોજના અંતર્ગત તમામ વિદ્યાર્થીઓના તથા કોલેજ/સંસ્થાના HOI(Head of Institute) નું Adhar based BioMetric eKYC કરવા સૂચનાઓ આપેલ છે.

હાલ રેશનકાર્ડના ડેટાબેઝ મારફત ડિજિટલ ગુજરાત પોર્ટલ પર તમામ વિદ્યાર્થીઓનું Adhar based BioMetric eKYC કરવામાં આવીજ રહેલ છે. અને આ પધ્ધતિથી સંબધિત તમામ કોલેજ/સંસ્થાના HOI નું પણ Adhar based BioMetric eKYC કરી શકાય છે. વધુમાં National Scholarship Portal પર સંબધિત કોલેજ/સંસ્થાનું Adhar based BioMetric eKYC થયેલ હોય તો તે વિગતો મારફત પણ સંબધિત શાળા/સંસ્થાના HOI નું Adhar based BioMetric eKYC કરી શકાય છે. તમામ કોલેજ/સંસ્થાના HOI ના eKYC કરવા બાબતે અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી હસ્તકની જિલ્લા કચેરીઓ દ્વારા જિલ્લાની કોલેજ/સંસ્થાઓને સૂચનાઓ આપવામાં આવે જ છે પરંતુ તમામ કોલેજો/સંસ્થાના HOI ના Adhar based BioMetric eKYC થયેલ નથી.

કોલેજ/સંસ્થા/યુનિવર્સિટી પોતાના લોગીનમાં " Admin=>Institute/School HOI Details" ઓપ્શનમાં જઇ HoI Adhar based BioMetric eKYCની વિગતો અંગેનું ફોર્મ ઓનલાઇન ભરી શકે છે અને જિલ્લા કચેરીની ઓથોરીટીના લોગીનમાંથી આ ફોર્મને નિયમોનુસાર મંજુર કરે છે.

કેન્દ્ર સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા તમામ કોલેજ/સંસ્થાના HOI ના Adhar based BioMetric eKYC કરવાની સૂચનાઓ આપવામાં આવેલ હોય તમામ આચાર્યશ્રીઓ ડિજિટલ ગુજરાત પોર્ટલના પોતાના લોગીનમાંથી HOI નું Adhar based BioMetric eKYC કરવા બાબતનું ફોર્મ ફરજીયાત ભરે તે બાબતે આપની કક્ષાએથી સંબધિતોને સૂચના આપવા વિનંતી છે. જે કોલેજ/સંસ્થાઓના HOI નું eKYC થયેલ હોય તેવા જ કોલેજ/સંસ્થાઓના વિદ્યાર્થીની માહિતી કેન્દ્ર સરકારશ્રીની NSP પોર્ટલને કેન્દ્ર ફાળાની શિષ્યવૃત્તિ ચૂકવણા માટે મોકલી શકાતી હોય તમામ સરકારી કોલેજો, અનુદાનિત

કોલેજો, સ્વ-નિર્ભર કોલેજો તથા તમામ યુનિવર્સિટીઓને આ બાબતે અગ્રતા આપવા જણાવવા
કરવા વિનંતી છે.

અધિક નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા.,ગાંધીનગર

બિડાણઃ સંદર્ભ દર્શિત પત્ર